Research Paper Economics

Role of Co-Operative Society for Foundation of Employment in Village Area in Gujarat

Prof. Vanitaben N. Desai | Associate Professor Department of Economics Arts & commerce College Motapondha

KEYWORDS

પ્રસ્તાવના :—

સમગ્ર વિશ્વમાં સહકારી પ્રવૃત્તિએ વિવિધ ક્ષેત્રે ખૂબજ ઝડપથી વિસ્તરણ કરી સારી એવી પ્રગતિ કરી છે. આપણો ભારત દેશ પણ વિશ્વમાં સૌથી મોટી સહકારી પ્રવૃત્તિ તરીકે ગૌરવ અનુભવે છે. જેની શરૂઆત તા.૨૫/૦૩/૧૯૦૪ના રોજ કાયદાના સ્વરૂપથી બંગાળના કલકત્તા શહેરથી થયેલી ખેતી ક્ષેત્રમાં ખેડૂતોને શાહુકારોના શોષણમાંથી મુકત કરાવવાનાં હેતુથી સહકારી પ્રવૃત્તિનો વિકાસ થયો. ગુજરાતમાં ૨૫ પ્રકારની ૬૭,૧૩૫ જેટલી સહકારી મંડળીઓ લગભગ ૧ કરોડ ૫૦ લાખ જેટલી સભ્ય સંખ્યા સાથે કાર્યરત છે. વિશ્વની ૧૫૦ વર્ષ અને ભારતની ૧૦૬ વર્ષ જૂની સહકારી પ્રવૃત્તિએ વિશ્વમાં મોટાભાગના દેશોમાં અને રાજયમાં એક યા બીજા સ્વરૂપમાં આકાર લઈ ગરીબ શ્રમિક અને ટાંચા સાધનો ધરાવતા લોકોના આર્થિક પુનરૂત્થાન માટે મહત્વની ભૂમિકા બનાવી છે. સહકારી મંડળી એ છેલ્લા ૧૦૦ વર્ષમાં અવિરત પ્રગતિ સાધીને ભારતની સહકારી પ્રવૃત્તિ વિશ્વમાં સૌથી મોટી પ્રવૃત્તિ બની ગઈ છે. દેશમાં સાર્વજનિક સરકારી ક્ષેત્ર પછી વધુ રોજગારી આપનાર સહકારી પ્રવૃત્તિએ બીજુક્ષેત્ર છે. દેશના તમામક્ષેત્રો — કૃષિ તેમજ સંલગ્ન ગતિવિધિઓના નિર્માણ, સેવાઓમાં તેમજ રાજયના આર્થિક સામાજિક વિકાસમાં મહત્વપૂર્ણ યોગદાન આપી રહી છે. લાખો લોકોને રોજગારી સહકારી ક્ષેત્ર દ્વારા પૂરી પાડવામાં આવે છે. ગ્રામ્ય વિસ્તારમાં ગરીબી નાબૂદી કરવામાં તેમજ વિપૂલ રોજગારીની તકો ઉભી કરવામાં પણ અનન્ય ફાળો આપે છે.

ગામ, નાના શહેરો, નગરો, ઉપનગરોમાં કો—ઓપરેટિવ ક્રેડિટ સોસાયટીઓ છેવાડાનાં નાના અને મધ્યમ વર્ગના સમાજને બેઠો કરવામાં મહત્વની ભૂમિકા અદા કરે છે. તો સહકારી પ્રવૃત્તિના હેતુને ધ્યાનમાં લઈ તેના માધ્યમથી મધ્યમ વર્ગ અને ગરીબ વર્ગના વિકાસ માટે આર્થિક ઉપાર્જનમાં જોડવી જરૂરી છે.

સહકારનો અર્થ :— ''સહકારી એ એક સંગઠન કરતાં કંઈક અધિક છે. તે એક ભાવના છે. જેની અસર હદય અને મન બંને પર થાય છે. તે ધંધાવેપારને સ્પર્શતો ધર્મ છે. તે આત્મનિર્ભરતા અને સેવાનો સંદેશ છે.'' આમ સહકારી મંડળી એટલે સભાસદોનું — માનવીઓનું સંગઠન.

સમસ્યાકથન :—

ગુજરાતની વસ્તી :—

2011- 60,383,628

2013-62,700,003

2015-65,105,237

2012-61,530,916

2014-63,891,303

ગુજરાતમાં સતત વધતી જતી વસ્તીની સાથે રોજગારીની તકોમાં વધારો થાય તો બેરોજગારીની સમસ્યાને દૂર કરી શકાય. સાથે ગ્રામ્યવિસ્તારમાંથી શહેરી વિસ્તાર તરફ થતું સ્થળાંતર અટકાવી શકાય. જે હેતુને ધ્યાનમાં રાખી સંશોધકે પ્રસ્તુત વિષય પસંદ કરી અભ્યાસ કરવાનું નક્કી કરેલ હતું. ''ગુજરાતના ગ્રામ્યવિસ્તારમાં રોજગારી સર્જનમાં સહકારી મંડળીની ભૂમિકા.''

અભ્યાસનો હેતુ :—

૧. અર્થશાસ્ત્ર વિષયના અભ્યાસક્રમમાં સહકારી પ્રવૃત્તિના મુદ્દાનો સમાવેશ થતો હોય, વિદ્યાર્થીને વધુ માહિતી આપી શકાશે.

૨. ગુજરાત રાજયના ગ્રામ્યવિસ્તારના વિકાસમાં સહકારી પ્રવૃત્તિનો ફાળાનો ખ્યાલ મેળવાશે.

૩. ગ્રામ્ય વિસ્તારમાં રોજગારીમાં વધારો કરવા માટે સહકારી પ્રવૃત્તિની ભૂમિકાનો ખ્યાલ મેળવાશે.

નમૂના પસંદગી :– સંશોધકે ગુજરાત રાજયની સહકારી પ્રવૃત્તિઓ દ્વારા રોજગારીમાં કેવી રીતે વધારો કરી શકાય તેનોજ અભ્યાસ કરેલ છે. જે વલસાડ જિલ્લા સહકારી સંઘ, વલસાડ સહકારીખાંડ ઉદ્યોગ, ગણદેવી સહકારીખાંડ ઉદ્યોગ, આલીપોર દૂધ ઉત્પાદક મંડળી ની મુલાકાત અને સંદર્ભ ગ્રંથોનો ઉપયોગ કરેલ છે.

અભ્યાસની મર્યાદાઓ :–

૧. પ્રસ્તુત સંશોધન ગુજરાત રાજયની સહકારી પ્રવૃત્તિ પૂરતું જ મર્યાદિત છે.

૨. ગુજરાતની સહકારી પ્રવૃત્તિ ગ્રામ્ય વિસ્તારની રોજગારીમાં કઈ રીતે વધારો કરી શકે તે પૂરતું મર્યાદિત છે.

સંશોધનનું મહત્વ :– ગ્રામ્યવિસ્તારમાં સહકારી પ્રવૃત્તિઓ દ્વારા રોજગારીની તકોમાં વધારો થાય તો ગ્રામ્યવિસ્તારના લોકોની આવકમાં વધારો થતા જીવનધોરણમાં સુધારો લાવી શકાય. જેમ કે, શિક્ષણ, સ્વસ્થ્ય, જીવનશૈલીમા રહેણીકરણીમાં પરિવર્તન લાવી શકાશે અને ગામડું વિકાસના પંથે આગળ વધશે અને ગુજરાતના વિકાસમાં સહભાગી બનશે.

સંશોધન પધ્ધતિ :– પ્રસ્તુત અભ્યાસમાં મુલાકાત અને સંદર્ભગ્રંથોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

ગુજરાતની સહકારી પ્રવૃત્તિનો રોજગારીમાં ફાળોઃ– સહકારી પ્રવૃત્તિ ગરીબ લોકો માટે એકમાત્ર આશાનું કિરણ છે. સહકારી પ્રવૃત્તિને લીધે સમાજના નબળા લોકો ભેગા મળી શકયાં છે. સહકારી પ્રવૃત્તિઓ ગરીબલોકોને વધુમાં વધુ મદદ આપીને તેઓનો વિકાસ થાય તેવી ધંધાકીય પ્રવૃત્તિઓનું પુનઃગઠન કરે છે. ગામડાઓમાં સહકારી મંડળીઓની સેવાથી લોકો આપો આપ સહકારની ભાવના દ્વારા આવકના સાધનો અને રોજગારીની તકો મેળવતા થયા છે.

(૧) સહકારી ધોરણે કૃષિ વિકાસ :– કૃષિએ માત્ર આપણા રાજયની જ નહી પરંતુ રાષ્ટ્રની કરોડરજ્જુ સમાન છે. આથી કૃષિક્ષેત્ર જેટલું સમૃદ્ધ તેટલું ગ્રામીણક્ષેત્ર સમૃદ્ધ. કૃષિક્ષેત્રને સમૃદ્ધ બનાવવા માટે અદ્યતન ટેકનોલોજીના સાધનો આવશ્યક છે. જે અતિશ્ય ખર્ચાળ છે. જેમ કે યંત્રો, સુધારેલુ બિયારણ, જંતુનાશક દવાઓ, રાસાયણિક ખાતરો, આવશ્યક જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓ અતિ ખર્ચાળ છે. જેમની સહાય માટે સરકારશ્રી કૃષિ યોજનાઓ, લોન સબસીડી યોજનાઓ દૂરદૂરના ગામડા સુધી પહોચાડવામાં ગુજરાત રાજયની કૃષિ અને ગ્રામીણ વિકાસ સહકારીબેંક અને તેની તાલુકાદીઠ શાખાઓ રાજયમાં ૧૮ જિલ્લા સહકારીબેંકો તેની શાખાઓ અને ૮૦૦૦ જેટલી કૃષિ સહકારી મંડળીઓ દૂર ઉંડાણના ગામડા સુધીના કૃષિ વિકાસમાં તમામ યોજનાઓ પૂરી પાડવામાં મહત્વની ભૂમિકા ભજવી રહી છે. જેથી કૃષિ વિકાસ થતા રોજગારીની તકોમાં વધારો થશે.

શેરડી પકવતાં ખેડૂતોએ ઉભા કરેલાં સહકારી ખાંડ કારખાના, ખેડૂતો દ્વારા સહકારી ધોરણે નિર્મિત થયેલ મહાકાય ખાતરના કારખાના ઈફકો, ક્રિભકો, અમૂલ સહકારીડેરી સૌથી મોટી સફળ સહકારી સાહસની ખ્યાતિ પ્રાપ્ત કરી છે. સાથે જ ગ્રામ્ય વિસ્તારની ગરીબી નિવારણ માટે તેમજ રોજગારીની વિપુલ તકો ઉભી કરવામાં સિંહ ફાળો આપે છે. સમાજના આર્થિક રીતે નબળા વર્ગના લોકોને સશકત બનાવવાના પ્રયાસો સહકારી મંડળી કરી રહી છે.

(૨) સહકારી દૂધ ઉત્પાદન પ્રવૃત્તિ :– રાજયની ૧૩૦૫૯ દૂધ સહકારી મંડળીઓ તેના ૧૭ જિલ્લા દૂધઉત્પાદક સંઘો અને રાજય સ્તરીય કો–ઓપરેટિવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશન દ્વારા ગ્રામ્ય રોજગારી નિર્માણ કરી વૈજ્ઞાનિક ધોરણે વ્યવસાયિક પશુપાલન હાથ ધરવામાં મહત્વની ભૂમિકા નિભાવે છે. દૂધ સહકારી મંડળીઓ દરરોજનું ૧૪૫ લાખ લિટર દૂધ એકત્રિત કરે છે. અને રોજના ૩૨ કરોડ રૂપિયા વિતરીત કરે છે. આમ સહકારી દૂધ ક્ષેત્ર દ્વારા પેરેરલ ઈકોનોમી ઉભી કરેલ છે. કૃષિ સાથે પશુપાલન એક જોડીયા વ્યવસાય તરીકે વિકસાવવામાં આવ્યો છે જે વ્યવસાય અસંખ્ય વિધવાઓ, ત્યકતાઓ, મહિલાઓ,જમીનવિહોણા ખેતમજૂરો વગેરે માટે પશુપાલન આજીવિકાનું મુખ્ય સાધન બની રહયો છે. રાજયની દૂધ સહકારી મંડળીઓ લાખો પશુપાલકોના સાથ સહકારથી વિશ્વ વિખ્યાત "અમૂલપેટર્ન" વડે વિશ્વમાં સૌથી વધુ દૂધ ઉત્પન્ન કરતા દેશ તરીકે નામના મેળવી છે. દૂધ સહકારી મંડળી દ્વારા ગ્રામીણ વિસ્તારમાં રોજગારી પૂરી પાડવામાં મહત્વની ભૂમિકા નિભાવી છે.

(૩) સહકારી ધોરણે ખાંડ ઉદ્યોગ પ્રવૃત્તિ :– ગુજરાતમાં ૧૭ જેટલાં ખાંડના કારખાનાઓ આવેલા છે. જે ૩૫ મિલીયન ખેડૂતો અને ૩.૬ લાખ લોકોને રોજગારી પૂરી પાડે છે. ખાંડ ઉદ્યોગ માટે શેરડીની સુધારેલી જાતો પ્રાપ્ત થઈ રહે તો ખાંડ ઉદ્યોગને ફાયદો થાય સાથે ખેડૂતોને પણ લાભ પ્રાપ્ત થાય તે હેતુથી નવસારી કૃષિ યુનિવર્સિટી હાલમાં વહેલી પાકતી ૭૦૭૧ જાત શોધી કાઢી છે. જે વેરાઈટી ખેડૂતો માટે અને ખાંડ ઉદ્યોગ માટે લાભદાયક દેખાઈ રહી છે. જેથી ખાંડ ઉદ્યોગને વધુ સારી જાતની શેરડી મળશે અને શેરડીની માંગ વધતા ખેડૂતોને વધુ વાવેતર કરવાનું પ્રોત્સાહન મળી રહેશે. ઉપરાંત ખાંડ ઉદ્યોગના વિકાસના કારણે પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે રોજગારીની તકોમાં વધારો થયો. સાથે કૃષિ વિકાસને પ્રોત્સાહન મળતા કૃષિક્ષેત્રમાં રોજગારીની તકો વધશે.

(૪) સહકારી ધોરણે પાણી સંગ્રહ અને સિંચાઈ વ્યવસ્થા :– ગુજરાતમાં સમાયાતરે દુષ્કાળની પરિસ્થિતિ સર્જાય ત્યારે સૌ પ્રથમ પાણીની અછતની સમસ્યા ઉભી થાય છે જેથી અસર માનવજીવન અને પશુપાલન, ઉપર પડે છે. સાથે જ જમીનમાં પાણીના ઘટતા જતાં સ્તરના કારણે સિંચાઈની મુશ્કેલી સર્જાય છે. આ મુશ્કેલી નિવારણની પ્રથમ જવાબદારી સરકારશ્રીની હોવા છતા સહકારીક્ષેત્રની ૪૦૦૦ જેટલી સહકારી સિંચાઈ મંડળીઓ દ્વારા પસાર થતી કેનાલ, નદી, તળાવ કે કૂવામાંથી પાણીનું લીફટીગ કરી લાખો હેકટરમાં પાણી પહોંચાડી હરીયાળીક્રાંતિ સર્જન કરવા ઉપરાંત મંડળીઓ હવે ડ્રીપ ઈરીગેશનની સીસ્ટમથી ઓછા પાણીએ વધુ કૃષિ ઉત્પાદન મેળવવામાં અને હરીયાળીક્રાંતિ સર્જનનાં ઉમદાકાર્ય કરી રહી છે. જે કાર્ય દ્વારા ગ્રામ્યવિસ્તારના લોકોને બહુલક્ષીપાક પધ્ધતિ દ્વારા અને સિંચાઈ યોજનાના બાંધકામકાર્ય દ્વારા અખૂટ રોજગારી પ્રાપ્ત થઈ રહી છે. દા:ત પોરબંદર જિલ્લાના રાણાવાવ તાલુકાના હનુમાનગઢ ગામે ખેડૂતો ટપક સિંચાઈ યોજનામાં ૫૦% સબસિડીનો લાભ લઈ પોતાની જમીનમાં પૂષ્કળ પ્રમાણમાં આંબાનું વાવેતર કરી લાખોની કમાણી કરે છે. આમ ગ્રામ્ય વિસ્તારમાં રોજગારી વધતા શહેરી વિસ્તારો તરફનું સ્થળાંતર ઘટશે.

(૫) વૃક્ષ ઉછેર પ્રવૃત્તિ :– ગુજરાતમાં સમયાંતરે કયાંક દૂષ્કાળ ડોકાય છે. જે સૌ પ્રથમ અસર ગ્રામ્યવિસ્તાર પર પડે છે. જે અસરને પહોંચી વળવા ગુજરાતમાં વધુ વૃક્ષો વાવી હરીયાળુ લીલુછમ ગુજરાત બનાવવાની સરકારની એક ઝુંબેશ છે. ગુજરાતને હરીયાળુ બનાવવા પડતર જમીનમાં ડુંગરાળ વિસ્તારમાં રોડ અને કેનાલની આજુબાજુની જમીનમાં વ્યાપક વૃક્ષોની રોપણી અને જાળવણી કરવાની જવાબદારી સરકારશ્રીની થતા

વનવિભાગની રહેવા ઉપરાંત રાજયની ૩૦૦૦ કરતા વધુ વૃક્ષ ઉછેર સહકારી મંડળીઓ ગુજરાતને હરીયાળુ બનાવવામાં મહત્વનો ફાળો આપી રહે છે. જેના દ્વારા ગુજરાતો હરીયાળુ થશે. વૃક્ષ ઉછેર દ્વારા રોજગારીનું સર્જન તો થશે જ સાથે પર્યાવરણ શુદ્ધ થશે અને વૃક્ષો વધુ વરસાદ લાવશે. જેથી કૃષિવિકાસ થતા ગ્રામ્યવિસ્તારમાં રોજગારી વધારાને પ્રોત્સાહન મળશે.

(૬) નાના અને લઘુ ઉદ્યોગક્ષેત્રમાં ઔદ્યોગિક સહકારી મંડળીઓ :– નાના અને મધ્યમ વર્ગના લોકો માટે નાના કદના ગૃહઉદ્યોગો ગ્રામ્યકક્ષાએ વિકસાવવા માટે રાજય અને કેન્દ્ર સરકારના અથાગ પ્રયત્નો રહયા છે. રાજયમાં વિવિધ પ્રકારના ગૃહઉદ્યોગો જેવા કે માટીકામ, સુથારીકામ, સિવણકામ, પાપડ, વડી, મસાલા, અથાણા, હસ્તકલા, હાથવણાટ ઉપરાંત બેકરી, ચર્મ ઉદ્યોગ વગેરે ઉદ્યોગોને વિકસાવવામાં રાજયની ૪,૫૭૩ થી વધુ ઔદ્યોગિક સહકારી મંડળીઓ જેને જિલ્લાના જિલ્લા ઉદ્યોગ કેન્દ્રો સાથે સંકળાઈને સરકારશ્રીની સહાય અને સબસીડીઓ ઉદ્યોગકારો સુધી પહોંચાડી નાના કદના ગૃહઉદ્યોગોનો વિકાસ કરી વ્યાપક પ્રમાણમાં રોજગારીની તકો પૂરી પાડવામાં મહત્વનું યોગદાન આપી રહી છે.

પાટણમાં હાથવણાટ, રંગકામ, છાપકામ, ભરતકામ, ગૂંથણ, એમ્બ્રોયડરી જેવા વારસારૂપ વ્યવસાયો – ગૃહસુશોભનની ફેન્સી વસ્તુઓ, ઉપરાંત કચ્છ જિલ્લામાં હેન્ડીક્રાફટ ઉદ્યોગોનો ગુજરાત રાજયના વિકાસમાં ફાળો વધ્યો છે. હસ્તકળા, મશરૂ, ઝવેરાત, મીનાકામ, છરા–ચપ્પુ, સૂડીઉદ્યોગ, તલવારના ઉદ્યોગો વિશ્વ પ્રસિદ્ધ હતા. આઝાદી પછી આ ઉદ્યોગને રાજય સરકારે જીવંતદાન આપ્યુ. દેશના કોઈપણ જિલ્લા કરતા વધુ એવોર્ડ ગુજરાતના કચ્છ જિલ્લાને મળ્યાં છે. વર્તમાન સમયમાં કચ્છમાં ગ્રામવિસ્તારની ૨૦,૦૦૦ બહેનો ભરતકામમાંથી રોજગારી મેળવે છે. અત્યાર સુધીમાં ભરતકામ વ્યવસાયને ૫ નેશનલ એવોર્ડ મળ્યાં છે. આવા ઉદ્યોગથી મહિલા સશકિતકરણની પ્રવૃત્તિઓને પ્રોત્સાહન મળ્યું છે આજે જ ગ્રામ્યવિસ્તારમાં રોજગારી સર્જનમાં નાના અને ગૃહઉદ્યોગ સિંહ ફાળો રહયો છે.

(૭) મજૂર કામદાર સહકારી મંડળીઓ :– ગ્રામ્યવિસ્તારના મોટાભાગના લોકો ખેતી સાથે જોડાયને ખેતરમાં ખેતમજૂર તરીકે કાર્ય કરી રોજીરોટી મેળવે છે. તદ્ઉપરાંત ખેતી વિનાના લોકો માટે આવકનું સાધન ન હોવાથી ખેતી અને પશુપાલન ઉપરાંત બાંધકામ ક્ષેત્રની કામગીરી જવી કે રસ્તા બનાવવા, રીપેર કરવા, કેનાલો બનાવવી, રીપેર કરવી, તળાવો ખોદવા, ઉપરાંત સહકારી અર્ધ સહકારી કે સંસ્થાઓના મકાનો, બિલ્ડીંગો, શોપીંગ સેન્ટરોના બાંધકામ માટે રાજયની ૩,૪૭૭ જેટલી મજૂર કામદાર સહકારી મંડળીઓ આવા પ્રકારના કામો મેળવી તેમના સભાસદોને વ્યાપક રોજગારી પૂરી પાડવામાં મહત્વની કામગીરી કરી રહી છે.

(૮) બચત અને ધિરાણ સહકારી મંડળીઓ :– ૧૯૭૦ બાદ સહકારી બેંકોએ પણ સેમી અર્બન એરીયાના ગ્રામીણક્ષેત્રોમાં બેંકિંગની સેવાઓ વિસ્તારી છે. તેમ છતાં દૂર ઉંડાણના ગ્રામ્ય વિસ્તારનાં નાના અને મધ્યમવર્ગના વેપારીઓ, ઉદ્યોગકારો, કારીગરો વગેરેને સમયસર અને વ્યાજબી દરે નાણાં મળી રહે અને નાના અને મધ્યમવર્ગના લોકોની બચતો વિવિધ સ્વરૂપે એકઠી કરી નાના કદના ધિરાણો પૂરા પાડવા ઉપરાંત બેંકિંગસેવાઓ પૂરી પાડવામાં રાજયની સહકારી બેંકો ૫૫૦૦ જેટલી કો–ઓપરેટિવ ક્રેડિટ સોસાયટીઓ નાના અને મધ્યમ વર્ગના લોકોની બચતોને ઉત્તેજન આપી જરૂરીયાતના નાંણા પૂરા પાડી ધંધા રોજગારીનો વિકાસ કરી સામાજીક વિકાસમાં ઉત્કૃષ્ટ કામગીરી કરી રહી છે. જે

પ્રવૃત્તિથી ગ્રામ્યવિસ્તારમાં રોજગારીની તકોમાં અખૂટ વધારો થઈ રહયો છે.

(૯) વાંસઉદ્યોગ અને સહકારી પ્રવૃત્તિ :– આદિવાસી વિસ્તારોનાં લોકોને રોજગારી આપવામાં વાંસ ઉદ્યોગોનો મહત્વનો ફાળો છે. ઓછા મૂડી રોકાણે વાંસ ઉદ્યોગ આખા કુટુંબને રોજગારી પૂરી પાડે છે. આ ઉદ્યોગ ડાંગ જિલ્લામાં વઘઈ, આહવા, સાપુતારામાં હસ્તકલા સહકારી મંડળી દ્વારા અને ખાનગી રીતે ચાલી રહયો છે. જે કારીગરો વાંસમાંથી હેન્ડબાસ્કેટ ગ્રંથોમુકવા માટેનું સ્ટેન્ડ, ફૂલદાની, ટ્રે, મગ જેવા આકર્ષક પ્યાલા, ઝીણા ભરતવાળી હાંડીઓ, નાનાઘરો, સૂર્ય, ચંન્દ્ર ફર્નિચરમાં ઝૂલા, ખુરશી, સોફા, ટીપાઈ, બારીના આકર્ષક પડદાઓ બનાવી વેચાણ કરે છે. જેથી ગ્રામીણ પ્રજાને રોજગારી પ્રાપ્ત થઈ રહી છે સાથે જીવન ધોરણમાં સુધારો આવ્યો છે.

(૧૦) ખાદી–ગ્રામઉદ્યોગ અને સહકારી મંડળીઓ :– ગુજરાતમાં ખાદી–ગ્રામઉદ્યોગબોર્ડની રચના તા.૦૫/૦૫/૧૯૬૦ના રોજ થઈ શરૂઆતમાં રૂા.૪૦ લાખની ખાદીનું ઉત્પાદન થતુ અને ૮,૦૦૦ લોકોને રોજગારી આપાતી આજે ખાદીનું ઉત્પાદન ૪૮.૪૦ કરોડનું થયું અને ૧૯,૦૦૦ લોકોને રોજગારી પૂરી પાડે છે.

(૧૧) ગૃહનિર્માણમંડળીઓ :– ગુજરાતમાં ગૃહનિર્માણ મંડળીઓ ૧૭,૬૦૩ જેટલી છે. આવાસ–નિવાસનો પ્રશ્ન વિશ્વવ્યાપી બન્યો છે. જયારે ગુજરાતે બહુ સરળતાથી અને કાર્યદક્ષતાથી ગૃહનિર્માણ સહકારી મંડળીઓ દ્વારા આ પ્રશ્નો હલ કરવાનો પ્રયાસ કર્યો છે. આવાસ યોજનામાં સરકાર વધુ રસ લઈ ગ્રામ્ય વિસ્તારના નબળા વર્ગોને આ સુવિધા પૂરી પાડે તો આર્થિક રીતે સહાયરૂપ બની શકે સાથે જ આવાસ યોજનામાંથી અનેક લોકોને રોજગારી પ્રાપ્ત થઈ શકે.

(૧૨) મત્સ્ય મંડળીઓ :– ભારતનો મત્સ્યપાલન અને ઉત્પાદનમાં વિશ્વમાં બીજો નંબર છે. ગુજરાતમાં ૫૭૦ મત્સ્ય મંડળીઓ આવેલી છે. ગુજરાતને ૧૬૦૦ કિ.મી લાંબો દરિયાકિનારો મળેલ છે. જેનો મહત્તમ ઉપયોગ કરવામાં આવે તો વિકાસની વિપુલ સંભવનાઓ રહેલ છે. સાથે જ નહેર યોજના અને ખેતતલાવડી યોજના દ્વારા મત્સ્યઉદ્યોગનો વિકાસ કરીને રોજગારીની તકોમાં વધારો કરી શકાય.

(૧૩) જંગલ કામદાર સહકારી મંડળીઓ :– ભારતમાં ૩૬૯૮ અને ગુજરાતમાં ૧૩૨ આવેલી છે. ગ્રામ્યવિસ્તારમાં લોકોમાં જડીબુટ્ટીઓની શોધ, ઔષધિઓની શોધ, ઓળખ અને શાપ પકડવાની હોંશિયારી વૃક્ષ ઉગાડવાની રીત ગજબની હોય છે. જેથી સહકારી મંડળીઓ આ કામદારો તરફ ધ્યાન કેન્દ્રિત કરે, અને તેમના જ્ઞાનનો ઉપયોગ રોજગારી મેળવવા માટે જ થાય તો ગ્રામ્ય વિસ્તારની રોજગારીમાં અખૂટ વધારો કરી શકાય છે.

(૧૪) ઔદ્યોગિક તાલીમ કેન્દ્રો અને સહકારી પ્રવૃત્તિઓ :–સહકારી પ્રવૃત્તિના મધ્યમવડે ઔદ્યોગિક તાલીમ કેન્દ્ર શરૂ કરવામાં આવે તો યુવકોને વિવિધ વ્યવસાયો જેવા કે રંગકામ, છાપકામ, રેડિયો–ટી.વી. રિપેરીગ, ઓટોમોબાઈલ, રેફ્રિજરેટર અને એર કન્ડિશનિંગ રિપેરિંગ વગેરે અનેક ક્ષેત્રોમાં ટૂંકાગાળાના તાલીમ અભ્યાસક્રમો દ્વારા ઘણા લોકોને રોજગારી આપી શકાય જેથી શિક્ષિત બેરોજગારી ઘટાડી શકાય અને સ્વરોજગારીની તકોને પ્રોત્સાહન મળે.

આમ રાજયમાં સહકારી પ્રવૃત્તિઓ દ્વારા રોજગારીમાં વધારો કરવાનો પ્રયત્ન કરવામાં આવે તો જરૂરી આ સમસ્યાનું નિવારણ થઈ શકશે. ઉપરાંત રાજયમાં સુરક્ષાસહકારી મંડળી, નાળિયેર રેસાનો ઉદ્યોગ, ઓટો–ટેકસી ચાલક સહકારી મંડળી, પાર્કિંગ વ્યવસ્થા સહકારી મંડળી, સફાઈ સ્વચ્છતા સહકારી મંડળી, કમ્પ્યુટર શિક્ષણ,

સાયબર કાફે, સ્વચ્છપાણી પુરુ પાડતી સહકારી મંડળીઓ, આ બધી જ પ્રવૃત્તિઓ સરકાર સહકારી પ્રવૃત્તિના માધ્યમથી ગ્રામ્યવિસ્તારથી શહેરી વિસ્તાર તરફ પ્રગતિશીલ બનાવે તો રોજગારીમાં અનેક ગણો વધારો કરી શકાય.

સૂચનો :– સહકારી પ્રવૃત્તિથી લોકો માહિતગાર થાય તે માટે શાળા, કોલેજોમાં, ગામમાં સહકારી મંડળીઓ દ્વારા વકતવ્યો યોજવા જોઈએ.

- કૃષિક્ષેત્રમાં આધુનિક ટ્રેકનોલોજીના સાધનો ખરીદવા કૃષિસહકારી મંડળીઓ દ્વારા નીચા દરે ધિરાણ અને સબસિડી આપવી જોઈએ.
- વૃક્ષારોપણ કાર્યક્રમને સહકારી પ્રવૃત્તિના માધ્યમ દ્વારા ખરીદ–વેચાણની સુવિધા પૂરી પાડવી.
- ગ્રામ્ય વિસ્તારમાં પશુપાલન વ્યવસાયને વધુ વિકસાવવા પશુધન સહકારી મંડળીઓ દ્વારા મોઘા–પશુઓ ખરીદવા માટે સબસિડીની સહાય અને વીમા યોજનાની સહાય પૂરી પાડવી. દા.ત. કપરાડા તાલુકાની આદિવાસી વસ્તી મોંઘા પશુઓ ખરીદી શકતી નથી.
- છેવાડાના ગામડાઓમાં હજુ ડેરી ઉદ્યોગનો વિકાસ નથી થયો, ત્યા સહકારી પ્રવૃત્તિના માધ્યમથી દૂધ સહકારી મંડળીઓ શરૂ કરવી જોઈએ. દા.ત. કપરાડા તાલુકાના અંધારપાડા ગામમાં દુધઉત્પાદક સહકારી મંડળી નથી.
- સહકારી પ્રવૃત્તિઓ દ્વારા નાના અને ગૃહઉદ્યોગોનો વિકાસ થાય તે માટે દરેક ગામમાં તાલીમી કેન્દ્રો ઉભા કરવા અને જરૂરિયાત મુજબનું ધિરાણ અને સબસિડીની સહાય પૂરી પાડવી.
- વાંસ ઉદ્યોગોનો વિકાસ માટે સહકારી પ્રવૃત્તિના માધ્યમથી પ્રચાર, તાલીમ, વેચાણ અને વધુ સબસિડીન પૂરી પાડવી જોઈએ.
- ગુજરાતમાં ખાદી–ગ્રામઉદ્યોગના એકમોમાં વધારો કરવો.
- ગ્રામ્યવિસ્તારમાં મત્સ્યોદ્યોગના વિકાસને વેગ આપવા જયા નહેરની સુવિધા નથી ત્યાં ખેત તલાવડી, નદીમાં બોરીબંધ, ચેકડેમ બાંધી પાણીનો સંગ્રહ થાય તેવી સુવિધા ઉભી કરવી જોઈએ.
- આવાસના પ્રશ્નને હલ કરવા સહકારી પ્રવૃત્તિને માધ્યમ બનાવવી.
- વન ઔષધિઓ દ્વારા લોકોને રોજગારી મળે તે માટે સહકારી સંસ્થાઓ દ્વારા મદદ કરવી.
- સહકારી સંસ્થાઓ દ્વારા વ્યવસાયલક્ષી અભ્યાસક્રમો મફત શરૂ કરવા જોઈએ.

આમ આ રીતે પૂરા રાજયમાં સહકારી પ્રવૃત્તિ દ્વારા રોજગારીમાં વધારો કરવાનો પ્રયત્ન કરવામાં આવે તો જરૂર આ સમસ્યાનું નિવારણ થઈ શકશે. " જરૂર છે સહકારી પ્રવૃત્તિ ના માધ્યમની."

REFERENCES

!P;CSFZ;%TFCUX[QFF\SZ_!Z|V\Sv##JQF"v&_|!5GJ[dAZZ_!Z|VF\TZZFQ8=LIJQF"Z_!Z4U]HZFTZFHI;CSFZL;\3|ZP5)D]VlB,EFZT;ZSFZ;%TFC|!$GJ[dAZYLZ_GJ[dAZZ_!Z4U]HZFTZFHI;CSFZL;\3|
#PV[U|M\;\N[X|$PJ,;F0lH<,F;CSFZL;\34|J,„F0;CSFZLBF\0pnMU|U6N[JL;CSFZLBF\0pnMUGL4VF,L5MZN}Wpt5FNSD\0/LGLD],FSFT4|S5ZF0FTF,]SFGFUFDMGLD],FSFT|5PU|FD:JZFH|&P;CSFZsU]HZFTGL;CSFZL
5|J'I¿G]\ B]B5+f | *P U]HZFTG]\ VY"XF:+ |